ખૂબ જ અગત્યનું

ક્રમાંક : જીસીવીટી/સીટીએસ/ટી-૨/ ૯૪૫૨
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ડૉ. જીવરાજ મહેતા ભવન ,
બ્લોક નં : ૧ , બીજો માળ ,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦
તારીખ : ૪ /૦૫/૨૦૧૯

પ્રતિ ,
આચાર્યશ્રી ,
આઇ.ટી.આઇ. / ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ. / સરકારી ટેકનીકલ હાઇસ્કુલ/ તમામ સ્વનિર્ભર સંસ્થાઓ.

**વિષય : અ.ભા.વ્ય.કસોટી ( સીટીએસ ) ( સેમેસ્ટર ) જુન - ૧૯ : પરીક્ષાની પૂર્વ તૈયારી બાબત..**
**સંદર્ભ : ડીજીટી નવી દિલ્હીના તા. ૦૨.૦૫.૨૦૧૯ના પત્ર ક્રમાંક : ૧૮૦૧૧/૦૮/cts/June-19/2019/TTC.**

શ્રીમાન ,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે , અખિલ ભારતીય વ્યવસાય કસોટી ( સીટીએસ ) ( સેમેસ્ટર - ૧ , ૨ , ૩ , ૪) ( એન્યુલ સિસ્ટમ) ( ડયુઅલ સિસ્ટમ) તારીખ : ૧૦/૦૫/૨૦૧૯ થી તા. ૨૫/૦૫/૨૦૧૯ દરમ્યાન યોજાનાર છે. વિગતવાર પ્રોગ્રામ તમામ સંસ્થાઓને અગાઉ મોકલી આપેલ છે. પરીક્ષા સુચારૂરૂપે , વિના મુશ્કેલીએ યોજાય તથા પરીક્ષાર્થીઓને અગવડ ન પડે તે હેતુસર તમામ સંસ્થાઓએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

સેમેસ્ટર સિસ્ટમ / ડયુઅલ સિસ્ટમ / એન્યુઅલ સિસ્ટમની થીયરી / વર્કશોપ તથા એમ્પ્લોયબલીટી સ્કિલની પરીક્ષા OMR BASE તેમજ એન્જીનીયરીંગ ડ્રોઇંગ વિષયની પરીક્ષા સબજેકટીવ ટાઇપથી યોજવામાં આવશે. પ્રેકટીકલ પરીક્ષા અગાઉની પધ્ધતિ અનુસાર જ લેવામાં આવશે.

**એન્યુઅલ સિસ્ટમ ( ઓગસ્ટ-૧૮ પ્રવેશ )ના માત્ર કોપા વ્યવસાયના તાલીમાર્થીઓની થીયરીકલ વિષયની પરીક્ષા ON LINE યોજાવાની સંભાવના છે. જેની તારીખ DGT દ્વારા હવે પછી જણાવવામાં આવશે.**

સંસ્થાઓએ કરવાની કાર્યવાહી.

(૧) અનુભવે જણાયેલ છે કે ઘણા તાલીમાર્થીઓ OMR BASE પરીક્ષામાં OMR SHEETમાં વિગતો જેવી કે , સેમેસ્ટર નંબર / ટ્રેડ કોડ / પેપંર નંબર / પરીક્ષાની તારીખ **તેમજ ખાસ કરીને રોલ નંબર લખવામાં ( BLACK DARK ROUND કરવામાં ) વ્યાપકપણે ભૂલો કરતાં હોય છે.** OMR SHEET સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝ SCANING MACHINE દ્વારા SCAN થતી હોય છે. આથી જરૂરી વિગતો દર્શાવવામાં તાલીમાર્થી ભૂલો કરે ત્યારે તેની સીધી અસર તેઓના પરીણામ ઉપર પડતી હોય છે આવા તાલીમાર્થીઓનું પરીણામ તૈયાર થતુ નથી સાથે સાથે જે તાલીમાર્થીઓએ સાચો રોલ નંબર દર્શાવેલ હોય છે તેવા તાલીમાર્થીઓના પરીણામને પણ અસર કરે છે અને તાલીમાર્થી નાપાસ જાહેર થતા હોય છે.
( દા.ત. કોઇ તાલીમાર્થીના રોલ નંબરના પાછળના આંકડા ૯ ૪ ૨ ૨ ૫ છે. આ તાલીમાર્થી ભૂલથી ૯ ૪ ૨ ૨ ૫ ના સ્થાને ૯....૪....૨....૨....૪... નંબર DARK કરે તો ૯૪૨૨૪ નંબરનો અન્ય તાલીમાર્થી પણ હોય છે આથી એક જ રોલ નંબરની 02 OMRSHEET SCAN થાય. આવા સંજોગોમાં બંને તાલીમાર્થીઓનું પરીણામ 0 માર્કસથી તૈયાર થતુ હોય છે પરીણામે બંને તાલીમાર્થી નાપાસ જાહેર થતા હોય છે. )

**તાલીમાર્થીઓને એ બાબતથી ખાસ વાકેફ કરવા કે OMR SHEET માં ખોટી વિગતો દર્શાવવાથી તેઓનું પરીણામ યોગ્ય રીતે તૈયાર થશે નહી અને જે પરીણામ તૈયાર થશે તે તેઓને બંધનકર્તા રહેશે. તેમજ આ બાબતે ઉદભવતા પરીણામલક્ષી તમામ પ્રશ્નો માટે તાલીમાર્થી જ જવાબદાર રહેશે.**

આવુ બનવા ન પામે તે હેતુસર તમામ સંસ્થાઓને જણાવવામાં આવે છે કે સંસ્થાકક્ષાએ તાલીમાર્થીઓને **OMR SHEET** માં વિગતો દર્શાવવા માટેની પ્રેકટીકલ સમજણ આપવી અને જરૂર જણાયે મોક ટેસ્ટ પણ યોજવાની રહેશે અને ખાસ કરીને **DARK ROUND** કરવાની તાલીમ આપવાની રહેશે.

(૨) સંસ્થાઓએ ડીજીટીની સૂચના મુજબ નિયત કરવામાં આવેલ તારીખોની સમય મર્યાદાને ધ્યાને રાખી FORMATIVE માર્કસની એન્ટ્રી / પરીક્ષા ફીની વિગતો / Hall Ticket Download જેવી કામગીરી કરવાની રહેશે. સમય મર્યાદા વિતી જતા ડીજીટી દ્વારા PORTAL બંધ કરવામાં આવશે ત્યાર બાદ કોઇ જ કાર્યવાહી થઇ શકશે નહી અને તાલીમાર્થીઓ પરીક્ષા આપવામાંથી વંચિત રહી જશે.

(૩) પરીક્ષા ચાલુ હોય તે દરમ્યાન તાલીમાર્થીઓ તેઓને ઉત્તર લખવામાં મદદરૂપ થઇ શકે તેવા કોઇપણ પ્રકારના ઇલેક્ટ્રોનિકસ ઉપકરણો જેવા કે , મોબાઇલ / ઇન્ટરનેટ / બ્લ્યુટુથ / વોટસઅપ / ટ્રાન્સમીટર જેવા કોઇપણ ઉપકરણો ઉપરાંત લેખિત સાહિત્યનો ઉપયોગ કરી શકશે નહી. જો કોઇ તાલીમાર્થી આમ કરતાં પકડાશે તો તેઓ સામે શિક્ષાપત્રી મુજબ કાર્યવાહી કરવામાં આવશે તે બાબતથી તાલીમાર્થીની તાલીમાર્થીઓને જાણ કરવાની રહેશે અને જાણ કર્યા બદલની સહી મેળવી સંસ્થા કક્ષાએ રાખવાની રહેશે. અને ચેરમેનશ્રીના ધ્યાને લાવવાની રહેશે.

(૪) ઓગસ્ટ - ૧૮ના પ્રવેશ સત્રમાં ( એન્યુલ સિસટમ ) **NCVT** એફીલીએટેડ હેઠળ પ્રવેશ મેળવેલ તાલીમાર્થીની સંખ્યાનો વ્યાપ વધેલ હોવાથી પરીક્ષા કેન્દ્રોની સંખ્યમાં વધારો કરવામાં આવેલ છે. પરંતુ ઓગસ્ટ-૧૮ પહેલાના એટલે કે સેમેસ્ટર સિસ્ટમના તાલીમાર્થીઓના ડેટાની યોગ્ય જાળવણી થઇ શકે તે હેતુસર આવા તાલીમાર્થીઓનું પરીક્ષા કેન્દ્ર અગાઉ જે પરીક્ષા કેન્દ્ર તે જ રહેશે આથી કોઇ સંસ્થા ખાતે એવુ બને કે એક જ સંસ્થાના સેમેસ્ટર તથા એન્યુઅલ સિસ્ટમના તાલીમાર્થીઓનું પરીક્ષા કેન્દ્ર અલગ અલગ હોય. અલબત, **HALL TICKET** માં દર્શાવવામાં આવતુ પરીક્ષા કેન્દ્રનું નામ ચકાસી લેવાનું રહેશે.

<u>પરીક્ષા કેન્દ્રોએ કરવાની કાર્યવાહી :</u>

(૧) પરીક્ષાના થીયરીકલ વિષયના પ્રશ્નપત્રો તથા આનુષાંગિક સાહિત્ય તેઓ દ્વારા નિયત કરવામાં આવેલ બેંક મારફત મળનાર છે આથી , પરીક્ષા શરૂ થવાના ૧૫ થી ૨૦ દિવસ અગાઉથી સમયાંતરે બેંક ખાતે જઇ તપાસ કરવાની રહેશે તથા બેંક અધિકારીશ્રી સાથે રૂબરૂમાં ચર્ચા કરી , પરીક્ષાનું સાહિત્ય આવે ત્યારે સંસ્થાનો સંપર્ક કરવા તથા આવા દસ્તાવેજો ગોપનિયતાથી સચવાય તે માટે વિનંતી કરવાની રહેશે. ઉપરાંત બેંક અધિકારીશ્રીને તેઓએ કરવાની રહેતી કાર્યવાહીથી તેઓને વાકેફ કરવાના રહેશે.( સૂચના ગત પરીક્ષા દરમ્યાન મોકલી આપેલ છે. ) ( ડીજીટી તરફથી મળેલ સુચના મુજબ પ્રેકટીકલ તથા એન્જીનયરીંગ ડ્રોઇંગ વિષયના પ્રશ્નપત્રો બેંક મારફત નહી મળતાં GCVT ખાતેથી EMAIL થી સીધા પરીક્ષા કેન્દ્રોને મોકલવામાં આવશે જેનો પાસવર્ડ અડધા કલાક પહેલા આપવામાં આવશે જેની જરૂરીયાત મુજબની નકલ સમયમર્યાદામાં અત્યંત ગોપનિયતાથી પરીક્ષા કેન્દ્ર ખાતે જ તૈયાર કરવાની થાય છે આથી આ માટે ડીજીટીની સુચના અનુસારના જરૂરી તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર જેવા કે , કોમ્પ્યુટર ( ઇન્ટરનેટ કનેકશન સાથે ) / ઝેરોક્ષ કાગળ / હાઇ સ્પીડ પ્રિન્ટર / ઝેરોક્ષ મશીન / રીસોગ્રાફી મશીન / ફેક્ષ મશીન/ તમામ પ્રકારની સ્ટેશનરી જેવી તમામ આનુંષાંગિક સાધન સામગ્રી તૈયાર રાખવા ઉપરાંત પરીક્ષા કેન્દ્ર ખાતે સતત વિજ પુરવઠો ચાલુ રહે તે માટે સબંધિત સતાવાળાનો સંપર્ક કરી રાખવા વિનંતી છે.

(૨) પરીક્ષા દરમ્યાન ડીજીટી નવી દિલ્હીના તથા અત્રેના EMAIL સતત ચકાસી તેમાં આપેલ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૩) પરીક્ષા સમયે સતત વિજળી પૂરવઠો મળી રહે તથા પરીક્ષા કેન્દ્ર ખાતે કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે સબંધિત ખાતાના અધિકારીશ્રીનો સંપર્ક કરી જાણ કરવાની રહેશે.

(૪) પ્રશ્નપત્રો મેળવવાની / તાલીમાર્થીઓને આપવાની / પરીક્ષા શરૂ કરવા જેવી તમામ કામગીરી માટે નિયત થયેલ સમય મર્યાદા જાળવાય તે બાબત ધ્યાને લેવાની રહેશે.

(૬) પરીક્ષા કેન્દ્ર ખાતે ઇન્વીજીલેટરે તાલીમાર્થીઓ OMR SHEET માં તેઓના રોલ નંબર / ટ્રેડ કોડ / સેમેસ્ટર નંબર / પરીક્ષાનું વર્ષ જેવી તમામ વિગતો સાચી Dark Round કરે તે બાબતની કાળજી રાખવાની રહેશે.

(૭) SCANING PARTY દ્વારા મળેલ સૂચના અનુસાર ઘણા પરીક્ષા કેન્દ્રો દ્વારા OMR SHEET ઉપર બાર કોડની ઉપર સંસ્થાનો સિકકો લગાવવામાં આવે છે જેના પરીણામે મશીન દ્વારા બારકોડ READ થતો નથી જેથી પરીણામ તૈયાર થઇ શકતુ નથી. આથી પરીક્ષા કેન્દ્રોએ બારકોડ ઉપર કોઇ પણ જાતનું લખાણ કરવુ નહી કે સિકકા લગાવવા નહી .

(૮) ગત પરીક્ષા દરમ્યાન સેન્ટ્રલ સ્કવોડ દ્વારા ઘણા પરીક્ષા કેન્દ્રોની આકસ્મિક મુલાકાત લીધેલ હતી તે દરમ્યાન તેઓના ધ્યાને આવેલ છે કે મોટા ભાગના પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષારૂમમાં પુરતા ઉજાસની વ્યવસ્થા હોતી નથી તેમજ યોગ્યરૂપે બેઠક વ્યવસ્થા હોતી નથી આથી તમામ પરીક્ષા કેન્દ્રોએ આ બાબત ખાસ ધ્યાને લઇ પરીક્ષાને અનુરૂપ યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. ઉપરાંત તાલીમાર્થીઓની બેઠક વ્યવસ્થા ડીજીટીની સુચનાનુસાર ગોઠવવાની રહેશે.

(૯) **અખિલ ભારતીય વ્યવસાય કસોટી દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે વ્યાપકપણે ગેરરિતી થતી હોવાનું પૂર્વ માન.શ્રમ મંત્રીશ્રી , ભારત સરકારના ધ્યાન પર આવેલ હતુ. આથી અ.ભા.વ્ય.કસોટી ( સીટીએસ ) જુન – ૧૯ દરમ્યાન તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે કોઇપણ પ્રકારની ગેરરિતી ન થાય તે બાબતની ગંભીરતાથી કાળજી રાખવી. પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા નિષ્પક્ષ**

અને સુચારૂરૂપે યોજાય / કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે કાળજી રાખવી તેમજ આ બાબતની જાણ સબંધિત ખાતા / કચેરીના સતાધિશોને જાણ કરવી.

આમ છતાં , પરીક્ષા કેન્દ્રો ખાતે જો કોઇ ગેરરિતી માલુમ પડશે તો શિસ્ત વિષયક પગલા લેવામાં આવશે તેમજ સખ્ય કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતની જાણ પરીક્ષા સાથે સંકળાયેલ તમામ અધિકારી / કર્મચારીઓ / તાલીમાર્થીઓને. પણ કરવી.

<u>નોડલ સંસ્થાએ કરવાની થતી કાર્યવાહી....</u>

(૧) ઉપરોકત સૂચનાઓનો તેઓની તાબા હેઠળની તમામ સંસ્થાઓ પાસે ચુસ્તપણે અમલ કરાવવા અંગેની તેમજ નોડલ સંસ્થા મારફત કરવાની થતી તમામ કાર્યવાહી સમયમર્યાદામાં કરવાની રહેશે.

આ ઉપરાંત પરીક્ષા સંચાલન માટે વખતો વખત નિયત થયેલ તમામ માર્ગદર્શિકાનો અમલ કરવાનો રહેશે.

નાયબ નિયામક ( તાલીમ )
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર

<u>નકલ રવાના :</u>
નાયબ નિયામકશ્રી ( તાલીમ ) , પ્રાદેશીક કચેરી , અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત...
- જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે......